# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **"એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત 17 કરોડ 48 લાખ રોપાના વાવેતર સાથે ગુજરાત સમગ્ર દેશમાં બીજા સ્થાને.**
2. **કચ્છ જિલ્લામાં 20 એકર વિસ્તારમાં 'સિંદૂર વન' નું નિર્માણ કરવામાં આવશે.**
3. **મહેસાણાની કડી બેઠક પર 16 અને જૂનાગઢની વિસાવદર બેઠક પર 24 ઉમેદવારી પત્રો સ્વીકારાયા.**
4. **રાજ્યમાં કોરોનાના નવા 108 કેસ નોંધાયા – એકનું મોત**
5. **રોયલ ચેલેન્જ ર્સ બેંગ્લુરુ પંજાબ કિંગ્સને હરાવી IPL 2025માં પ્રથમવાર ચેમ્પિયન બન્યું.**
6. **ભાવનગરમાં આજથી પ્રથમ ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ શરૂ થશે.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# EK PED MAA KE NAAM

"એક પેડ મા કે નામ " અભિયાન અંતર્ગત 17 કરોડ 48 લાખ રોપાના વાવેતર સાથે ગુજરાત સમગ્ર દેશમાં બીજા સ્થાને રહ્યું છે. સત્તાવાર યાદી મુજબ રાજ્યમાં કચ્છમાં સૌથી વધુ 2 કરોડ 95 લાખ રોપા વાવવામાં આવ્યા છે. રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં કુલ એક કરોડ 76 લાખ અને શહેરી વિસ્તારમાં 15 કરોડ 72 લાખ રોપા જનભાગીદારીથી રોપવામાં આવ્યા છે. આ અભિયાનની દેશવ્યાપી પ્રગતિનું નિરીક્ષણ વૃક્ષારોપણના જીઓ ટેગ કરેલા ફોટો-વિડિયો "મેરી લાઈફ " પોર્ટલ પર અપલોડ કરીને થાય છે.

5 મી જૂને વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે "એક પેડ માં કે નામના બીજા તબક્કા અંતર્ગત ગાંધીનગરમાં નવા સચિવાલય પ્રાંગણમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ માતૃવન –વન કવચમાં વૃક્ષારોપણ કરશે. જ્યારે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા મિશન ફોર મિલિયન ટ્રીઝ-2025નો આરંભ સિંદૂર વન નિર્માણથી કરાશે. ઓપરેશન સિંદૂરની સફળતાની સ્મૃતિ ચિરંજીવ રાખવા 551 સિંદૂરના વૃક્ષો સિંદૂર વનમાં વાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગત 5મી જૂને વર્ષે "એક પેડ મા કે નામ " વૃક્ષારોપણ અભિયાનની દેશવ્યાપી શરૂઆત કરાવી હતી. જેને એક વર્ષ પૂર્ણ થયું છે.

---

# KUTCH SINDOOR VAN

કચ્છ જિલ્લામાં 20 એકર વિસ્તારમાં 'સિંદૂર વન' નું નિર્માણ કરવામાં આવશે. ભુજના મીરઝાપર રોડ પર આ સિંદૂર વન ઉભું કરાશે આ સ્મારક લગભગ દોઢ વર્ષમાં પૂર્ણ થવાની અપેક્ષા છે, અને તારવાયેલી જમીન પર પ્રારંભિક કાર્ય શરૂ થઈ ગયું છે.

'ઓપરેશન સિંદૂર' દરમિયાન સમાજ, સેના, વાયુસેના, BSF અને અન્ય દળો દ્વારા પ્રદર્શિત કરાયેલી એકતાની યાદમાં, સિંદૂર વન - એક સ્મારક ઉદ્યાન - વન વિભાગ દ્વારા બનાવવાની યોજના છે," તેમ કચ્છના કલેક્ટર આનંદ પટેલે જણાવ્યું હતું.

## (બાઇટ: આનંદ પટેલ, જિલ્લા કલેક્ટર)

---

# BY ELECTION FORM CHECK

મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર બેઠક પર યોજાનારી પેટા-ચૂંટણી માટેના ઉમેદવારીપત્રોની ગઈકાલે ચકાસણી કરવામાં આવી. ચૂંટણી પંચની યાદી મુજબ, કડી બેઠક માટે 18 ઉમેદવારે ઉમેદવારી નોંધાવી. તેમાંથી 16 ઉમેદવારના ઉમેદવારીપત્ર સ્વીકારાયા. જ્યારે બે ઉમેદવારીપત્ર રદ કરાયા છે. બીજી તરફ વિસાવદર બેઠક માટે 31 ઉમેદવારે ઉમેદવારી નોંધાવી. જેમાંથી 24 ઉમેદવારી પત્રો સ્વીકારાયા હતા જ્યારે 7 ઉમેદવારીપત્ર રદ કરાયા હતા.

બંને બેઠકની પેટા-ચૂંટણી માટે ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ પાંચ જૂન છે.

ઉલ્લેખનીય છે કે, કડી બેઠક પર ધારાસભ્ય કરસન સોલંકીના અવસાન અને વિસાવદર બેઠક પર ભૂપત ભાયાણીના રાજીનામા બાદ આ બંને બેઠક ખાલી પડી હતી. બંને બેઠકો માટે આગામી 19 જૂને મતદાન અને 23 જૂન મતગણતરી હાથ ધરાશે.

---

## KHEDA VIKSIT KRUSHI

વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન અંતર્ગત ખેડા જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, બાગાયત ખાતું, આત્મા પ્રોજેક્ટ, ઇફકો અને જિલ્લા ખેતીવાડી વિભાગના સંયુક્ત ઉપક્રમે બે ટીમો દ્વારા દરરોજ 6 ગામમાં ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત દાવડા, દેગામ અને ડભાણ ખાતે મોટી સંખ્યામાં ખેડૂતોને કૃષિ સંબંધિત સમજ આપવામાં આવી હતી.

આ અંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડૉ.પી.કે.શર્માએ વધુ માહિતી આપી.

### બાઈટ - ડો. પી.કે. શર્મા, વડા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

કૃષિ સંકલ્પ અભિયાન યાત્રા અંતર્ગત અમદાવાદના બાવળા તાલુકામાં બલદાણા ગામે ખેડૂત શિબિર યોજાઇ હતી. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર , અરણેજનાં કૃષિ વૈજ્ઞાનિક દ્વારા પાકની વૈજ્ઞાનિક ખેતી અંગે માહિતી પૂરી પાડવામાં આવી હતી. 300થી વધુ ખેડૂતોએ શિબિરનો લાભ લીધો હતો.

---

# CORONA

રાજ્યમાં ગઇકાલે કોરોનાના 108 કેસ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કુલ સક્રિય કેસની સંખ્યા 461 છે. જેમાં 20 લોકો હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે જ્યારે 441 લોકો હોમ આઇસોલેશન હેઠળ છે. 43 દર્દી કોરોનાથી સાજા થયા છે જ્યારે કોરોનાને કારણે રાજ્યમાં એક વ્યક્તિનું મોત થયું છે.

---

# DANG MILK PRODUCTION

ડાંગ જિલ્લાની દૂધ મંડળીઓ દ્વારા ગત વર્ષે કુલ બે કરોડ 20 લાખ 58 હજાર 138 લિટર દૂધનું ઉત્પાદન કરાયુ છે. જેનાથી 8 કરોડ 69 લાખ 90 હજાર 175 રૂપિયાની આવક થઈ છે. આહવા તાલુકામાં 59 દૂધ મંડળીઓ, વધઈમાં 72 , અને સુબીર તાલુકામાં 63 મળી જિલ્લામાં કુલ 194 દુધ મંડળીઓ સ્થાપી, 5 હજાર 668 સભાસદોની નોંધણી કરવામાં આવી છે.

આ અંગે તાંત્રિક અધિકારી ડૉ. સુનિલ કુવરે વધુ માહિતી આપી.

## બાઇટ: ડૉ. સુનિલ કુવર, તાંત્રિક અધિકારી

---

# NAVSARI DOODH SANJIVANI

નવસારી જિલ્લામાં 23 હજાર 814 બાળકો અને 4 હજાર 162 સગર્ભા અને ધાત્રીમાતાઓને 'દૂધ સંજીવની યોજનાનો લાભ અપાયો છે. આ યોજના અંતર્ગત

જિલ્લાના 3 તાલુકાઓ પૈકી ખેરગામ તાલુકાની 79, વાંસદા તાલુકાની 277, ચીખલી તાલુકાની 316, સહિત કુલ 672 આંગણવાડીઓના બાળકોને આવરી લેવાયા છે.

આ અંગે એક લાભાર્થીએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો.

## બાઈટ: લાભાર્થી - સારા ક્રીસ્તીફર ક્રિસ્ટન

---

# IPL CRICKET

IPLમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ફાઈનલ મેચમાં પંજાબ કિંગ્સને 6 રને હરાવી પ્રથમ વખત ચેમ્પિયન બન્યું.

પ્રથમ બેટિંગ કરતાં , RCBએ નિર્ધારિત 20 ઓવરમાં 9 વિકેટે 190 રન બનાવ્યા હતા.જેમાં વિરાટ કોહલીએ સૌથી વધુ 43 રનનું યોગદાન આપ્યું હતું. જવાબમાં, પંજાબ કિંગ્સ 20 ઓવરમાં 184 રન બનાવી શકતા તેનો પરાજય થયો હતો.પંજાબ કિંગ્સ તરફથી શશાંક સિંઘે અણનમ 61 રન બનાવ્યા હતા. RCBના કૃણાલ પંડ્યાને અસાધારણ બોલિંગ માટે પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.

આ વખતે ગુજરાત ટાઇટન્સના સાઇ સુદર્શનને સૌથી વધુ રન બનાવવા માટે ઓરેન્જ કેપ , જ્યારે પ્રસિદ્ધ કૃષ્ણા ને સૌથી વધુ વિકેટ લેવા બદલ પર્પલ કેપ એવોર્ડ એનાયત થયો હતો. મુંબઈ ઈન્ડિયન્સના સૂર્ય કુમાર યાદવે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અસાધારણ બેટિંગ માટે મોસ્ટ વેલ્યુએબલ પ્લેયરનો પુરસ્કાર જીત્યો હતો.

---

# STATE TABLE TENIS TOURNAMENT

ભાવનગર ખાતે પ્રથમ ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ – 2025 યોજાવા જઇ રહી છે. ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશનના નેજા હેઠળ, ભાવનગર જિલ્લા ટેબલ ટેનિસ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આ ટુર્નામેન્ટ યોજાઇ રહી છે..

આ ટુર્નામેન્ટ આજ થી 7 જૂન દરમિયાન સેગ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સિદસર, ભાવનગર ખાતે રમાશે. આ ટુર્નામેન્ટમાં રાજ્યના વિવિધ શહેરોમાંથી અંદાજિત 750 એન્ટ્રીઓ નોંધાઈ છે..આ ટુર્નામેન્ટમાં અંડર-9, 11, 13, 15, 17, 19 કેટેગરીમાં બોયઝ અને ગર્લ્સ તેમજ મેન્સ અને વિમેન્સ કેટેગરીમાં ખેલાડીઓ પોતાની પ્રતિભાનું પ્રદર્શન કરશે

---

# PATAN – MRUDULA PATIL AICS CHESS SPARDHA

પાટણના બાલીસણા ગામના મૃદુલા પાટીલએ સતત ચોથી વખત અખિલ ભારતીય મુલ્કિ સેવા ચેસ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને રાજ્યનું ગૌરવ વધાર્યું છે. ખાણ ખનિજ વિભાગમાં કાર્યરત સુશ્રી પાટિલે આ સ્પર્ધામાં છ માંથી પાંચ તબક્કામાં જીત મેળવીને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

સ્પર્ધામાં 20 રાજ્યોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતની મહિલા ચેસ ટીમ પટનાની ટીમ સામે ૪ પોઈન્ટ, છતીસગઢ સામે 3, શિલોંગ સામે 3 અને મહારાષ્ટ્ર

સામે ૨.૫ પોઈન્ટ મેળવીને પ્રથમ વાર ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચી હતી.કેન્દ્ર સરકાર દ્વારા ગોવા ખાતે આ સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

---